# ભિખારી થઇને કોઇ આધ્યાત્મિક ન બન

‘શાસ્ત્રો તો મીણનું નાક છે, આમ મચેડવું હોય તો આમ અને તેમ મચેડવું હોય તો તેમ! અરે, પણ તમે તમારી બુદ્ધિનો ઉપયોગ તો કરો! ત્રણ વર્ષથી આટલા યજ્ઞો કર્યા તો વરસાદ કેમ ન પડયો? આખી દુનિયામાં આવા રવાડે કોઇ પ્રજાને ચડાવી છે? આપણે આપણો અભિગમ બદલવો જ જોઇએ....’

સ્વામી સચ્ચિદાનંદે કહેલા આ શબ્દો કેટલા સૂચક છે! શ્રીમતી જયવતી કાજીને આપેલી મુલાકાતમાં અભિગમ બદલવાની વાત કહીને સ્વામીજી ઉમેરે છેઃ આપણે ભૌતિકવાદી થવું જ જોઇએ. ભૌતિકવાદ આધ્યાત્મિકવાદનો દુશ્મન નથી. દરિદ્રતા આધ્યાત્મિકતાની વિરોધી છે. આપણે ભિખારી થઇને આધ્યાત્મિક નહીં થઇ શકીએ. તમારા ઘરમાં પંખો હોય, ટીવી હોય એટલે તમે ભગવાનના વિરોધી નથી થઇ જવાના. ભૌતિકવાદને અને આધ્યાત્મિકવાદને કોઇ વિરોધ નથી. આપણે ભૌતિકવાદ પ્રત્યે એલર્જી ન રાખી શકીએ. નહીં તો આપણો દેશ તો ત્રીજા નંબરનો થઇ જશે. જયારે જોઇએ ત્યારે ભીખ માગતો થઇ જશે. આપણે ભૌતિકવાદ અને આધ્યાત્મિકવાદનો સુમેળ કરવો જોઇએ. કાં તો તમે ભૌતિક વિકાસ કરો અને દુનિયા સાથે રહો અથવા ભિખારી રહો.

ક્રાંતિકારી વિચારો ધરાવતા સ્વામીજી વર્ણવ્યવસ્થાને વખોડી કાઢે છેઃ ‘હું પૂછું છું કે તમારી ચાતુર્વર્ણ્ય સમાજવ્યવસ્થાએ શૂદ્રોને આપ્યું શું? બ્રાહ્મણોને શું આપ્યું? બ્રાહ્મણોને ખાલી ચોર્યાશી જમવા સિવાય કંઇ આપ્યું? એનાથી પ્રજા આળસુ થઇ, એણે બુદ્ધિનો ઉપયોગ ન કર્યો. વાઘરીના છોકરાએ પેઢી દર પેઢી દાતણ વેચવા એમ જ ને? આ તે કંઇ સમાજવ્યવસ્થા છે? ઘણી વખત હું કહું છું, અમેરિકાનાં સારાં ભાગ્ય કે એને કોઇ ઋષિ ન મળ્યા! આપણાં દુર્ભાગ્ય કે આપણને ઋષિ મળ્યા, કેમ કે અત્યારે જો કોઇ નિર્ણય કરવો હોય તો પેલા ઋષિ શું કહે છે? અરે, બે હજાર કે ચાર હજાર વર્ષ પહેલાં જે માણસ થઇ ગયા તેની શી વાત? પેલાને તો કોઇ ઋષિ છે જ નહીં. એને તો જે કરવાનું છે તે પોતાની બુદ્ધિથી કરવાનું છે.’

શ્રીમતી જયવતી કાજીએ દંતાલી પાસેના

આધુનિક ભાષ્યકાર સ્વામી સચ્ચિદાનંદની જે મુલાકાત લીધી એમાંના આ તો કેટલાક અંશ જ છે. આ મુલાકાત પછીનાં સાત વર્ષમાં તો જયવતીબહેને અનેક મહાનુભાવોની મુલાકાત લીધી છે. માનવીય સંબંધોના અખંડ આરાધક હરીન્દ્ર દવે, અનેક બાળકોની મા અનુબહેન ઠક્કર, આનંદયાત્રાના ગાયક કવિ રાજેન્દ્ર શાહ, ભારતીય વીમા ઉદ્યોગના ભીષ્મપિતામહ બી. કે. શાહ, સાહિત્યમાં ઉત્કૃષ્ટતાના આગ્રહી ભગવતીકુમાર શર્મા, ખ્યાતનામ ખગોળવિદ્ ડૉ. જે. જે. રાવલ,

## બુક શેલ્ફ

પારુલ દોશી

વિશ્વ પ્રવાસિની શ્રીમતી પ્રીતિ સેનગુપ્તા, સાહિત્ય અને પ્રેમને સમર્પિત હીરાબહેન પાઠક, રાષ્ટ્રની ચેતનાના રખેવાળ નાની પાલખીવાલા... હાલમાં જ આ મુલાકાતોનું સંપાદન પુસ્તક સ્વરૂપે પ્રગટ કરવામાં આવ્યું છે. એનું શીર્ષક છેઃ ચિરસ્મરણીય મુલાકાતો.

મુલાયમ માણસ તરીકે જાણીતા કવિ, સાહિત્યકાર અને પત્રકાર સ્વ. હરીન્દ્ર દવે આ મુલાકાતમાં પ્રેમ વિશે કહે છેઃ ‘પ્રેમ બહુ જ મોટો શબ્દ છે અને જીવનમાં આપણને કેટલી બધી હદે પ્રાપ્ત થાય છે. આપણા કુટુંબમાંથી, પ્રિયજનોમાંથી, મિત્રોમાંથી અને અપરિચિતોથી પણ! કેટલીક વાર તો અજાણ્યા માણસોમાંથી પણ પ્રેમનો જે પ્રવાહ આવ્યો છે! આટલા બધા લોકોનો જો સદ્ભાવ ન હોત તો હું ટકી ન શક્યો હોત!

છેલ્લાં અગિયાર વર્ષથી ‘મુંબઇ સમાચાર’ની પૂર્તિમાં મહિલા વિભાગનું સંપાદન કરતાં જયવતીબહેનના આ પુસ્તકને આવકાર આપતાં જેહાન દારૂવાલા લખે છેઃ જયવતીબહેન ચીલાચાલુ મુલાકાતોમાં માનતાં નથી. પ્રગતિ અને પરિવર્તન એમનો જીવનમંત્ર છે, પરંતુ તેની સાથોસાથ આપણી સંસ્કૃતિ અને સંસ્કારમાંની ગતિમાંથી ઊગેલી વ્યક્તિઓએ કેવી રીતે પોતાનું અને બીજાઓનાં જીવન ઉજ્જવળ બનાવ્યાં. પોતાના વ્યવસાયમાં તેમ જ પ્રજાના જીવનમાં નવી આશાઓ ઊભી કરી એ આ મુલાકાતોમાં બતાવવામાં આવ્યું છે.

વડોદરાની નજીક આવેલા વાઘોડિયાના મુનિ આશ્રમનાં સંસ્થાપક અનુબહેન ઠક્કરની




વાત કરીએ. આ મહિલાએ જબરદસ્ત સંકલ્પ કરેલો કે જેનાં માબાપ ન હોય એવાં બાળકોની મા બનવું છે. એણે રામકૃષ્ણ પરમહંસનું જીવનચરિત્ર વાંચ્યું. સ્વામી વિવેકાનંદનાં પુસ્તકો વાંચ્યાં. ગીતા વાંચી. ત્રણે પુસ્તકોએ એના પર ધરખમ અસર કરી. એમાં ઘણા સંતોએ પણ મદદ કરી. મુનિ મહારાજે અંતરમાં રહેલાં બીજને સાકાર કર્યાં. એમણે અનુબહેનની બાને કહેલું, ‘આ છોકરીના ભાગ્યમાં લખ્યું છે. તું એને જવા દે અને સ્વપ્નું સાકાર કરવા દે.’ પછી તો માત્ર એક કોડિયા અને મીણબત્તીના સહારે અનુબહેને અંધકારમાં રોશની પ્રગટાવી.

આનંદયાત્રાના ગાયક કવિ રાજેન્દ્ર શાહ જયવતીબહેન સાથેની મુલાકાતમાં પ્રણય અને પ્રકૃતિ અંગેના વિચારોની વાત કરે છે. ત્યાર પછીની બી. કે. શાહ સાથેની મુલાકાત માણવી ગમે એવી છે. સૌરાષ્ટ્રના એક ગામડામાં જન્મેલો આ યુવાન કેવી

કઠણાઇઓ ભોગવ
વર્ણન સુંદર રીતે
હૃદયસ્પર્શી વાત
સંબંધીઓ શાહને
લેવાનો અને લંડન
મૂકવાની સલાહ
પ્રેરણા એની માતા,
જોઇ શકતી નથી,
દીકરાના વાંસા પર
‘બેટાઃ તું ગોઠવણ
ઘણાં વર્ષો દુઃખ ભો
તો રમતાં રમતાં
શાહના જીવનમાં પ્રે

જયવતીબહેનના
સેનગુપ્તાના પ્રવાસો
એકસપિડિશન ૧૯
સરસ્વતીના સાહસ
આવ્યો છે. એવરેસ્ટ
કુ. સરસ્વતી કહે છે
અમારી ટુકડીના નેત
ચડનારી ટુકડીની
પ્રયાસ કરવાનું અમે
દિવસે અમારા નેતા
રાત્રે બે વાગ્યે ચઢાણ
ખૂબ ખરાબ હતું.
આખરે એમને નાછૂટ

૧૦ મેએ બીજો
મોસમ સારી હતી.
ટેક્નિકલ સલાહકાર
ગગનચુંબી શિખર
૩૮ સાહસિક માણ
મૂક્યો એમાં આઠ અ

આવી તો અને
જયવતીબહેનના પુસ
ડૉ. ગુણવંત શાહ કહે
મુલાકાત અને અનેક
મુલાકાતનો એક મા
જેમ કમળ તેમ મા
મુલાકાતનું સૌંદર્ય પ્ર
થાય. મુલાકાતની પ
આવે છે એક
જયવતીબહેનની મુલ
આઇલેન્ડ મળી આ
એમ કહી શકાય!